# નવસારી કૃષિ યુનિવર્સિટી
## એરૂ ચાર રસ્તા,નવસારી

**વંચાણેઃ–** જા.ન.નકૃયુ/રજી/અ.૩.૩/આરટીઆઈ/કા.આ./૮૫૦૧–૮૭૩૩/૨૦૧૨ તાઃ૧૧.૫.૨૦૧૨

## <u>પરિપત્ર</u>

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તાબા હેઠળની યુનિટ/સબયુનિટની કચેરીના વડાઓને જણાવવાનું કે મા. કુલપતિશ્રીની આજ્ઞા મુજબ અત્રેની યુનિવર્સિટીમાં માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ (RTI-2005) કાયદા અંગેની કામગીરી સારી રીતે તથા ઝડપથી થઈ શકે તે માટે ઉપરોકત વંચાણે લીધેલ પત્ર મુજબ ૬૮–પી.આઈ.ઓ., ૭૨ – એ.પી.આઈ.ઓ. અને ૦૮– એપેલેટ ઓથોરીટીની નિમણુંક કરવામાં આવી છે. આ કામગીરી સાથે સંકળાયેલ ઉપરોકત અધિકારીશ્રી/વૈજ્ઞાનિકશ્રીઓને RTI-2005 કાયદાની વિસ્તૃત માહિતી મળી રહે અને તે બાબતનું કામકાજ સરળ બની રહે તે હેતુસર સ્પીપા, અમદાવાદ દ્વારા એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમ **તાઃ૫.૭.૨૦૧૨નાં** રોજ **સવારે ૦૯ઃ૦૦ થી ૫ઃ૦૦** સુધી ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારીના સેમીનાર હોલમાં ગોઠવવામાં આવી છે. જેમાં નિમણુંક પામેલ દરેક અધિકારીશ્રી/ વૈજ્ઞાનિકશ્રી તથા સંબંધિત કાયદા હેઠળનું ટેબલ સંભાળતા તમામ કર્મચારીઓને સદર તાલીમમાં અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

સદર પરિપત્રનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/RTI/ તાલીમ/૧૧૨૮૬–૩૩૫/૨૦૧૨.
નવસારી. તારીખઃ૨/૭/૨૦૧૨.

**કુલસચિવ**

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

૧. નવસારી કેન્દ્રના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.